આખરે ઈંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયામાં 18 મેચથી જીત ન હાંસલ કરવાના સિલસિલાનો અંત લાવ્યું

ચોથી એશિઝ ટેસ્ટ: ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું

લગભગ 15 વર્ષ બાદ ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ જીતી

આ ટેસ્ટ બે દિવસથી પણ ઓછા સમયમાં પૂર્ણ થઈ જેમાં કુલ 36 વિકેટ પડી

બીજી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયાએ આપેલા 175 રનના લક્ષ્યાંકને ઈંગ્લેન્ડે 6 વિકેટ ગુમાવી મેળવ્યો

મેલબોર્ન, તા. 27 (એપી): મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે ચોથી એશિઝ ટેસ્ટમાં ચાર વિકેટથી વિજય મેળવીને ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયામાં છેલ્લી 18 મેચમાં જીત હાંસલ ન કરી શકવાની શ્રેણીનો અંત લાવ્યો હતો.

ઈંગ્લેન્ડ સિરીઝની પ્રથમ ત્રણ ટેસ્ટ હારી ગયું હતું, જેના કારણે ઓસ્ટ્રેલિયાએ ફક્ત 11 દિવસમાં એશિઝ સિરીઝ કબજે કરી હતી. જોકે, ઈંગ્લેન્ડે બે દિવસમાં ચોથી ટેસ્ટ જીતીને ઓસ્ટ્રેલિયાની ક્લીન સ્વીપની આશા પર પાણી ફેરવી દીધું.

ઈંગ્લેન્ડે છેલ્લે 2010-11 સિરીઝમાં ઓસ્ટ્રેલિયામાં મેચ જીતી હતી, જેમાં તેણે સિરીઝ 3-1થી જીતી હતી. ત્યારથી, ઈંગ્લેન્ડે લગભગ 15 વર્ષમાં ઓસ્ટ્રેલિયામાં રમાયેલી 18 ટેસ્ટમાંથી 16 હારી છે, બાકીની બે ડ્રો રહી છે. ઓસ્ટ્રેલિયા, જેણે પોતાની પહેલી ઈનિંગમાં 152 રન બનાવ્યા હતા, તે બીજી ઈનિંગમાં 132 રનમાં ઓલઆઉટ થયું હતું, જેનાથી ઈંગ્લેન્ડને 175 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. પહેલી ઈનિંગમાં 110 રનમાં આઉટ થયેલા ઈંગ્લેન્ડે 6 વિકેટે 178 રન બનાવ્યા હતા, જેનાથી તેમના હજારો ધીરજવાન પરંતુ વફાદાર ચાહકોને ઉજવણી કરવાની તક મળી હતી.

એમસીજીની પિચ પર ફાસ્ટ બોલરોનો દબદબો રહ્યો. તેનો અંદાજો એ બાબતથી લગાવી શકાય કે પ્રથમદિવસે 20 અને બીજા દિવસે 16 વિકેટ પડી. ઈંગ્લેન્ડ છઠા સત્રમાં જ જીત હાંસલ કરી.

ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ 152 રન
ઈંગ્લેન્ડ પ્રથમ દાવ 110 રન

ઓસ્ટ્રેલિયા બીજો દાવ	રન	બોલ	4	6
બોલેન્ડ કો સ્મિથ બો એટકીન્સન	6	17	1	0
હેડ બો કાર્સે	46	67	4	0
વેધરલેન્ડ બો સ્ટોક્સ	5	15	0	0
લાબુશેન કો રૂટ બો ટંગ	8	18	1	0
સ્મિથ અણનમ	24	39	1	0
ખ્વાજા કો પોપ બો ટંગ	0	2	0	0
કેરી કો બ્રુક બો કાર્સ	4	6	1	0
કેમરન કો બ્રુક બો સ્ટોક્સ	19	29	3	0
નેસર કો એ બો કાર્સ	0	5	0	0
સ્ટાર્ક કો રૂટ બો કાર્સ	0	2	0	0
રિચર્ડસન કો કોલી બો સ્ટોક્સ	7	10	1	0
વધારાના	13			
કુલ 34.3 ઓવરમાં ઓલઆઉટ	132 રન			

વિકેટ પતનઃ 1-22, 2-40, 3-61, 4-82, 5-83, 6-88, 7-119, 8-120, 9-121, 10-132

બોલિંગ	O	M	R	W
એટકીન્સન	5	1	20	1
બ્રિડોન કાર્સ	11	3	34	4
જોશ ટંગ	11	2	44	2
બેન સ્ટોક્સ	7.3	1	24	3

ઈંગ્લેન્ડ બીજો દાવ	રન	બોલ	4	6
કોલી એલબી બો બોલેન્ડ	37	48	3	1
ડકેટ બો સ્ટાર્ક	34	26	4	1
કાર્સ કો ગ્રીન બો રિચર્ડસન	6	8	0	0
બેથેલ કો ખ્વાજા બો બોલેન્ડ	40	46	5	0
રૂટ એલબી બો રિચર્ડસન	15	38	0	0
બ્રુક અણનમ	18	22	3	0
બેન સ્ટોક્સ	2	9	0	0
સ્મિથ અણનમ	3	2	0	0
વધારાના	23			
કુલ 32.2 ઓવરમાં 6 વિકેટે	178 રન			

વિકેટ પતનઃ 1-51, 2-65, 3-112, 4-137, 5-158, 6-165

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	10	0	55	2
માઈકલ નેસર	8	1	54	0
ગ્રીએ રિચર્ડસન	5.2	1	22	2
સ્કોટ બોલેન્ડ	9	0	29	2

3 દ્વિપક્ષીય ટેસ્ટ સિરીઝ જેમાં એકથી વધુ ટેસ્ટ બે દિવસની અંદર સમાપ્ત થઈ

2025-26ની એશિઝ સિરીઝ પહેલાં 3 દ્વિપક્ષીય ટેસ્ટ સિરીઝ રમાઈ હતી જેમાં એકથી વધુ ટેસ્ટ બે દિવસની અંદર સમાપ્ત થઈ હતી.

સિરીઝ જેમાં એકથી વધુ ટેસ્ટ બે દિવસમાં સમાપ્ત થઈ

સિરીઝ	સિરીઝની મેચ	ટેસ્ટ
ધ એશિઝ (ઈંગ્લેન્ડમાં), 1888	3	3
ઈંગ્લેન્ડનો દ. આફ્રિકા પ્રવાસ, 1888-89	2	2
ઈંગ્લેન્ડનો દ. આફ્રિકા પ્રવાસ, 1895-96	3	2
ટ્રાઈંગ્યુલર ટુનમિન્ટ, 1912	9	2
ધ એશિઝ (ઓસ્ટ્રેલિયામાં), 2025-26	5*	2

» આ એશિઝ પહેલા ઓસ્ટ્રેલિયામાં રમાયેલી 450 પુરુષોની ટેસ્ટ મેચમાંથી ફક્ત બે જ ટેસ્ટ બે દિવસમાં સમાપ્ત થઈ હતી - 1931માં વેસ્ટ ઈન્ડિઝ સામે મેલબોર્ન ટેસ્ટ અને 2022માં દક્ષિણ આફ્રિકા સામે બ્રિસ્બેન ટેસ્ટ.

» મેલબોર્નમાં સ્પિનરોએ એક પણ ઓવર ફેંકી ન હતી - ઓસ્ટ્રેલિયામાં આવી પહેલી ટેસ્ટ હતી. આ પહેલાં ઓસ્ટ્રેલિયામાં 1984માં વેસ્ટઈન્ડિઝ સામેની ટેસ્ટમાં સ્પિનરો દ્વારા ફેંકવામાં આવેલા સૌથી ઓછા બોલ 12 હતા.

બેન સ્ટોક્સ, પીટરસન, કાર્તિક સહિત કેટલાંક ક્રિકેટરોએ એમસીજી પીચની ટીકા કરી

જો દુનિયામાં આવું બીજે ક્યાંક થયું હોત, તો તેની આકરી ટીકા થઈ હોત: બેન સ્ટોક્સ

ટેસ્ટ મેચના પહેલા દિવસે ઘણી વિકેટ પડે ત્યારે ભારતને હંમેશા આકરી ટીકાનો સામનો કરવો પડે છે: પીટરસન

મેલબોર્ન, તા. 27 (પીટીઆઈ): ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટના પહેલા દિવસે બોલર-ફ્રેન્ડલી મેલબોર્ન પીચ પર 20 વિકેટ પડ્યા બાદ ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ, કેવિન પીટરસન અને દિનેશ કાર્તિકે કટાક્ષ કર્યો હતો કે જ્યારે સ્પિનરોને વધુ વિકેટ મળે છે ત્યારે ભારતીય પીચની જાણી જોઈને ટીકા કરવામાં આવે છે.

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે રમાયેલી ચોથી ટેસ્ટ મેચ બીજા દિવસે સમાપ્ત થઈ. પહેલા દિવસે 20 અને બીજા દિવસે 16 વિકેટ પડી, જેના કારણે અહીંની પીચની ટીકા થઈ રહી છે.

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન પીટરસને ઇન્સ્ટાગ્રામ પર લખ્યું, 'ટેસ્ટ મેચના પહેલા દિવસે ઘણી વિકેટ પડે ત્યારે ભારતને હંમેશા આકરી ટીકાનો સામનો કરવો પડે છે. તેથી મને આશા છે કે ઓસ્ટ્રેલિયાને પણ આવી જ ટીકાનો સામનો કરવો પડશે. ન્યાય બધા માટે સમાન હોવો જોઈએ.'

ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે મેચ બાદ કહ્યું, 'બોક્સિંગ ડે ટેસ્ટ મેચ બે દિવસથી ઓછા સમયમાં પૂરી થાય એવું કોઈ ઈચ્છતું નથી. જો દુનિયામાં આવું બીજે ક્યાંક થયું હોત, તો તેની આકરી ટીકા થઈ હોત.' ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન કાર્તિકે કહ્યું, 'એશિઝની ચાર ટેસ્ટમાંથી બે ટેસ્ટ ફક્ત બે દિવસમાં સમાપ્ત થઈ તે અવિશ્વસનીય છે. ચાર એશિઝ ટેસ્ટ ફક્ત 13 દિવસમાં પૂર્ણ થઈ ગઈ.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) ના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે પણ કહ્યું હતું કે ટેસ્ટ ક્રિકેટના ભવિષ્ય માટે ટૂંકી મેચો સારી નથી અને સીએ ભવિષ્યમાં પિચ તૈયારીમાં વધુ સક્રિય ભૂમિકા ભજવવાનું વિચારશે.

શું BCCIએ ટેસ્ટમાં ગંભીરનો વિકલ્પ શોધવાનો પ્રયાસ કર્યો હતો?

અહેવાલ છે કે દ. આફ્રિકા સામે ટેસ્ટ સિરીઝમાં સૂપડા સાફ થયા બાદ લક્ષ્મણને ટેસ્ટ ફોર્મેટના કોચ બનવા માટે અનૌપચારીક રીતે પૂછવામાં આવ્યું હતું

જયપુર, તા. 27 (પીટીઆઈ): વનડે અને ટી-20 ક્રિકેટમાં ભારતના કોચ તરીકે ICC અને ACC ટ્રોફી જીતી ચુકેલા ગૌતમ ગંભીરનો રેકોર્ડ ઘણો સારો છે પણ 'સેના' દેશો (આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા) સામે 10 ટેસ્ટમાં મળેલી હાર બાદ ટેસ્ટ ફોર્મેટ માટે આવું કહી શકાય નહીં.

એવું માનવામાં આવે છે કે ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે બે ટેસ્ટ મેચની સિરીઝમાં ભારતના સૂપડા સાફ થયા બાદ ક્રિકેટ બોર્ડમાં ટોચના પદ પર બેસેલી કોઈ વ્યક્તિએ અનૌપચારિક રીતે વી વી એસ લક્ષ્મણનો સંપર્ક કર્યો હતો કે શું તે લાલ બોલ ટીમની કોચિંગમાં રસ ધરાવે છે કે નહીં. જોકે, એવું જાણવા મળ્યું છે કે ભૂતકાળના આ દિગ્ગજ બેટ્સમેન બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે 'ક્રિકેટના વડા'ના પદ પર જ ખુશ છે.

ગંભીરનો BCCI સાથેનો કરાર 2027 વનડે વર્લ્ડકપ સુધી છે, પરંતુ તેના પર પુનર્વિચારણા થઈ શકે છે. આ પાંચ અઠવાડિયા પછી શરૂ થનારા T20 વર્લ્ડ કપમાં ભારતના પ્રદર્શન પર આધાર રાખશે. માનવામાં આવી રહ્યું છે કે BCCIમાં હજુ પણ મૂંઝવણ છે કે 2025-27 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સીઝનની બાકીની નવ ટેસ્ટ માટે ગંભીરને કોચ તરીકે જાળવી રાખવો યોગ્ય રહેશે કે કેમ.

ભારત ઓગસ્ટ 2026માં શ્રીલંકા સામે બે ટેસ્ટ રમવાનું છે અને ઓક્ટોબરમાં ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરવાનું છે.

ત્યારબાદ જાન્યુઆરી-ફેબ્રુઆરી 2027માં ઓસ્ટ્રેલિયા પાંચ ટેસ્ટની શ્રેણી માટે ભારત આવશે. ભારતીય ડ્રેસિંગ રૂમમાં પણ ગંભીરના સમયમાં કેટલાંક ખેલાડી સુરક્ષિત અનુભવ કરી રહ્યા નથી જેમ રાહુલ દ્રવિડના કાર્યકાળમાં કરતા હતા જ્યારે બધાંની ભૂમિકાઓ નિશ્ચિત હતી.

વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપ : એરીગૈસી, ગુકેશ, કાર્લસન પાંચ રાઉન્ડ બાદ સંયુક્ત રીતે ટોચ પર

આ ત્રણેય ખેલાડીઓએ પ્રથમ દિવસે 4.5 પોઈન્ટ સાથે મેક્સિમ વાચિયર-લેગ્રેવ અને વ્લાદિસ્લાવ આર્ટેમીવ સાથે ટોચનું સ્થાન શેર કર્યું

મહિલા રેપિડ ચેમ્પિયનશિપની વર્તમાન ચેમ્પિયન, કોનેરુ હમ્પીએ બે જીત અને બે ડ્રો સાથે ત્રણ પોઈન્ટ મેળવ્યા.

દોહા, તા. 27 (પીટીઆઈ): ગુરુવારે અહીં FIDE વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપના પ્રથમ દિવસના પ્રથમ પાંચ રાઉન્ડ પછી ક્લાસિકલ ફોર્મેટના વર્તમાન વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ, અર્જુન એરિગેસી અને વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસન સંયુક્ત રીતે આગળ છે. આ ત્રણેય ખેલાડીઓએ પ્રથમ દિવસે 4.5 પોઈન્ટ સાથે મેક્સિમ વાચિયર-લેગ્રેવ અને વ્લાદિસ્લાવ આર્ટેમીવ સાથે ટોચનું સ્થાન શેર કર્યું હતું. કાર્લસન ઉત્તમ ફોર્મમાં હતો અને તેણે ચારેય મેચ આરામથી જીતી હતી, પરંતુ એરિગૈસીએ તેને પાંચમા અને અંતિમ રાઉન્ડમાં ડ્રો પર અટકાવ્યો હતો, અને બંનેએ 4.5 પોઈન્ટ સાથે દિવસનો અંત કર્યો હતો. ગુકેશે પ્રથમ રાઉન્ડમાં ડ્રો સાથે શરૂઆત કર્યા પછી શાનદાર વાપસી કરી. ત્યારબાદ તેણે ચાર જીત મેળવી ટોચના ખેલાડીઓમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું હતું. વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપનો વર્તમાન ચેમ્પિયન, રશિયાનો 18 વર્ષીય વોલોદર મુર્ઝિન માટે પ્રથમ દિવસ મુશ્કેલ રહ્યો, તે ફક્ત બે પોઈન્ટ જ મેળવી શક્યો. આર. પ્રજ્ઞાનાનંદાની પણ શરૂઆત ધીમી હતી. તેણે પોતાનો પહેલો રાઉન્ડ જીત્યો પણ પછીની બે મેચ ડ્રો રમી હતી. કાળા મોહરાઓ સાથે રમતા, તે ચોથા રાઉન્ડમાં લેવાન પંતસુલિયા સામે હારી ગયો, જેની રેટિંગ તેના કરતા 150થી વધુ પોઈન્ટ ઓછી હતી. મહિલા રેપિડ ચેમ્પિયનશિપની વર્તમાન ચેમ્પિયન, કોનેરુ હમ્પીએ બે જીત અને બે ડ્રો સાથે ત્રણ પોઈન્ટ મેળવ્યા.

મહિલા ટી-20: શ્રીલંકા સામે સતત ચોથી જીત મેળવવા માગશે ભારત

દીપ્તી અને રેણુકા સહિત ભારતીય બોલરોના શાનદાર પ્રદર્શન બદલ શ્રીલંકાની ટીમ હજુ સુધી મોટો સ્કોર બનાવી શક્યું નથી

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોસ્ટાર પર સાંજે 7 વાગ્યાથી

થિરુવનંતપુરમ, તા. 27 (પીટીઆઈ): પહેલી ત્રણ મેચ જીતીને સિરીઝ પોતાના નામે કરી લીધા બાદ, ભારતીય મહિલા ટીમ રવિવારે શ્રીલંકા સામે ચોથી મહિલા ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમે અત્યાર સુધી પાંચ મેચની શ્રેણીમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. શ્રીલંકા ભારતીય ટીમ સામે કોઈ પડકાર ઉભો કરી શક્યું નથી. ભારત શ્રેણીમાં 3-0થી આગળ છે. ભારતે પહેલી ત્રણ મેચમાં લક્ષ્યનો પીછો કર્યો હતો, અને તેના વર્ચસ્વનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે કોઈપણ મેચમાં તેણે 14.4 ઓવરથી વધુ બેટિંગ કરી નથી, ત્રણ વિકેટથી વધુ ગુમાવી નથી અને 129 રનથી વધુના લક્ષ્યનો સામનો કર્યો નથી.

આ નોંધપાત્ર સફળતાનો શ્રેય મુખ્યત્વે ભારતીય બોલરોને જાય છે. અનુભવી સ્પિનર દીપ્તિ શર્માએ બે મેચમાં ચાર વિકેટ લીધી છે, જ્યારે રેણુકા સિંહે એક જ મેચમાં ચાર વિકેટ લીધી છે. ભારત સિરીઝમાં વિવિધ સંયોજનો સાથે પ્રયોગ કરી રહ્યું છે. અરુંધતી રેડ્ડીએ પ્રથમ બે મેચ રમી હતી, જ્યારે રેણુકાએ આગામી મેચમાં ફાસ્ટ બોલરની જગ્યાએ બોલિંગ કરી હતી. રેણુકાએ કહ્યું હતું 'અમે 2026ના ટી-20 વર્લ્ડકપને ધ્યાનમાં રાખી વિવિધ સંયોજન સાથે પ્રયોગ કરી રહ્યા છે.' ભારતીય બેટરોએ પણ બોલરોને સારો સાથ આપ્યો. શેફાલી વર્મા અને જેમીમા રોડ્રિગ્સે અડધી સદી ફટકારીને પોતાનું ઉત્તમ ફોર્મ જાળવી રાખ્યું. જોકે, સ્ટાર બેટ્સમેન સ્મૃતિ મંધાના હજુ સુધી પોતાનું સંપૂર્ણ ફોર્મમાં રમી રહી નથી.

બીજી બાજુ અનુભવી ચમારી અટાપટ્ટુના નેતૃત્વમાં, શ્રીલંકાની બેટર શ્રેણીમાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. અટાપટ્ટુ ઉપરાંત, ટીમમાં હસિની પરેરા, કવિશા દિલહારી અને હર્ષિતા સમરવિક્રમા જેવી પ્રતિભાશાળી ખેલાડીઓ પણ છે, પરંતુ તેમાંથી કોઈએ અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું નથી.

મ્હાત્રેને અન્ડર 19 વર્લ્ડકપ માટે ભારતીય ટીમનો કેપ્ટન બનાવાયો

મુંબઈ, તા. 27: 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનાર અંડર-19 વર્લ્ડકપ માટે આયુષ મ્હાત્રેને શનિવારે 15 સભ્યોની ભારતીય ટીમના કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, કાંડાની ઈજાને કારણે, મ્હાત્રે અને વિહાન મલ્હોત્રા વર્લ્ડકપ પહેલા દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે સિરીઝમાં ભાગ લઈ શકશે નહીં. તેમની ગેરહાજરીમાં, ઉભરતા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. આ પ્રવાસ પરની મેચો 3, 5 અને 7 જાન્યુઆરીએ બેનોનીમાં રમાશે. એરોન જ્યોર્જને વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે.

દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટેની ટીમ: વૈભવ સૂર્યવંશી (કેપ્ટન), એરોન જ્યોર્જ (વાઈસ-કેપ્ટન), વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ સિંઘ (વિકેટકીપર), આર એસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, ખિલાન એ પટેલ, મોહમ્મદ ઈનાન, હેનીલ પટેલ, ડી દિપેશ, કિશન કુમાર સિંહ, ઉદ્ધવ મોહન, યુવરાજ ગોહિલ, રાહુલ કુમાર.

અંડર-19 વર્લ્ડ કપ માટે: આયુષ મ્હાત્રે (કેપ્ટન), વિહાન મલ્હોત્રા (વાઈસ-કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, એરોન જ્યોર્જ, વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંડુ (વિકેટકીપર), હરવંશ સિંઘ (વિકેટકીપર), આર એસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, ખિલાન એ પટેલ, મોહમ્મદ ઈનાન, હેનિલ પટેલ, ડી દીપેશ, કીશન કુમાર સિંહ, ઉદ્ધવ.

પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર યુનાઈટેડે ન્યૂકેસલને હરાવ્યું

પેટ્રિક ડોર્ગુએ માન્ચેસ્ટર યુનાઇટેડ માટે પોતાનો પહેલો ગોલ કર્યો, તેની ટીમે 1-0થી વિજય મેળવ્યો

માન્ચેસ્ટર, તા. 27 (એપી): પેટ્રિક ડોર્ગુએ માન્ચેસ્ટર યુનાઈટેડ માટે પોતાનો પહેલો ગોલ કર્યો હતો જ્યારે તેની ટીમે શુક્રવારે પ્રીમિયર લીગની રોમાંચક મેચમાં ન્યૂકેસલને 1-0થી હરાવ્યું હતું.

21 વર્ષીય ડોર્ગુએ પ્રથમ હાફમાં મેદાનના મધ્યથી 15 મીટર દૂરથી ડાબા પગે વોલી ફટકારીને યુનાઈટેડને ચાર પ્રીમિયર લીગ મેચોમાં ઘરઆંગણે પ્રથમ જીત અપાવી હતી અને ક્લબને લિવરપૂલથી ઉપર પાંચમા સ્થાને પહોંચાડી હતી. જોકે વર્તમાન ચેમ્પિયન લિવરપૂલ શનિવારની મોડી રાત્રે નબળા ક્લબ વુલ્વ્સ સામે ઘરઆંગણે રમશે. 'તે એક સારી કીક હતી. મને ખબર ન હતી કે હું તે કરી શકીશ', એમ ડોર્ગુએ ખુશ થઈને કહ્યું.

યુનાઈટેડ તેના કરિશ્માઈ કેપ્ટન બ્રુનો ફર્નાન્ડિસ વિના રમી રહ્યું હતું જ્યારે ઘણા અન્ય ટોચના ખેલાડીઓ ઈજા અથવા આફ્રિકા કપ ઓફ નેશન્સ ડ્યુટીને કારણે ગેરહાજર હતા.

નવી દેખાતી ટીમ પણ અસામાન્ય બેક-ફોર ફોર્મેશનમાં મેદાનમાં ઉતરી હતી, જેમાં ડોર્ગુએ શાનદાર ગોલ કર્યો હતો, 38 મેચોમાં યુનાઈટેડ માટે આ તેનો પહેલો ગોલ હતો.

ઈજાને કારણે મેસન માઉન્ટના હાફ ટાઈમમાં મેદાનમાંથી બહાર થવાના કારણે યુનાઈટેડ સામે સમસ્યા ઉભી થઈ હતી અને બીજા પીરિયડની શરૂઆતની ક્ષણોમાં ન્યૂકેસલનું વર્ચસ્વ રહ્યું.

જોકે અંતે યુનાઈટેડે તેમને ગોલ કરવા દીધો નહીં અને મેચ જીતી લીધી.

અનુસંધાન ... પાના પહેલાનું

ચીની ટ્રેને...

ગતિએ પહોંચ્યા પછી ટ્રેનને સુરક્ષિત રીતે રોકી દેવામાં આવી હતી, જેનાથી તે અત્યાર સુધીની સૌથી ઝડપી સુપરકન્ડક્ટિંગ ઇલેક્ટ્રિક મેગ્લેવ ટ્રેન બની ગઈ છે.પરીક્ષણના વીડિયોમાં ટ્રેન વીજળીની જેમ પસાર થતી દેખાય છે. તે કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મના દૃશ્ય જેવું લાગે છે. એક્સેલેશન એટલું ઝડપી હતું કે જાણે કોઇ રોકેટનું લોન્ચિંગ થઇ રહ્યું હોય તેવું લાગતું હતું. ટ્રેન માત્ર બે સેકન્ડમાં તો કલાકના ૭૦૦ કિમીની ઝડપ પકડી લીધી અને પાટા પર છવાયેલા બરફની છીણ ઉડાડતી જરાવારમાં અદ્રશ્ય થઇ ગઇ. આ ટ્રેન સુપરકન્ડક્ટિંગ મેગ્નેટનો ઉપયોગ કરીને ટ્રેક ઉપર તરતી રહે છે જે તેને ઉપર ઉપાડે છે અને પાટાને સ્પર્શ કર્યા વિના તેને આગળ ધકેલે છે. પાટાને સ્પર્શ થતો નહીં હોવાથી ઘર્ષણ ખૂબ જ ઓછું લાગે છે અને તેથી ઝડપ વધી જાય છે. આ ઝડપે મેગ્લેવ લાંબા અંતરના શહેરોને મિનિટોમાં જોડી શકે છે.

બાંગ્લાદેશમાં ટોળાના...

ધ ડેઈલી સ્ટાર અખબારના અહેવાલ મુજબ, અસ્થિર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રના આદેશ પર આયોજન સમિતિના કન્વીનરે શો રદ કર્યો છે. બાંગ્લાદેશી રોક બેન્ડ નાગર બાઉલના મુખ્ય ગાયક, ગીતકાર અને ગિટારવાદક જેમ્સે ગેંગસ્ટર, વો લમ્હે અને લાઈફ ઈન એ મેટ્રો સહિત અનેક હિટ બોલિવૂડ ફિલ્મોમાં ગાયું છે. કાર્યક્રમના પ્રચાર અને મીડિયા સબ-કમિટીના કન્વીનર રાજીબ ખાને જણાવ્યું હતું કે હુમલા પાછળના કારણો અસ્પષ્ટ રહ્યા છે.

પાકિસ્તાનમાંથી હજારો...

આંકડા મુનીરની મોટી-મોટી વાતોને ખોટી પાડી રહ્યા છે. આ અહેવાલને ભૂતપૂર્વ પાકિસ્તાની સેનેટર નવાઝ ખોખરે પ્રકાશિત કર્યો હતો. ખોખરે ઇમિગ્રેશન ડેટા સાથે ટ્વિટ કર્યું હતું કે, ''અર્થતંત્રને સુધારવા માટે રાજકારણને ઠીક કરો! પાકિસ્તાન ચોથું સૌથી મોટું ફ્રીલાન્સિંગ હબ પણ છે અને ઇન્ટરનેટ બંધ થવાથી 1.62 બિલિયન યુએસ ડોલરનું નુકસાન થયું છે, જેના કારણે 2.37 મિલિયન ફ્રીલાન્સિંગ નોકરીઓ જોખમમાં મુકાઈ છે.'' પાકિસ્તાનના બ્યુરો ઓફ ઇમિગ્રેશન એન્ડ ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ડેટા એક ભયાનક ચિત્ર રજૂ કરે છે. 2024માં 727,381 પાકિસ્તાનીઓએ વિદેશમાં રોજગાર માટે નોંધણી કરાવી. આ વર્ષે નવેમ્બર સુધીમાં 687,246 લોકોએ નોંધણી કરાવી છે. ચિંતાજનક બાબત એ છે કે, હિજરત હવે ફક્ત ગલ્ફમાં વેતન મેળવવા માંગતા મજૂરો અથવા વિદેશમાં છુપાઈને ઘૂસવાનો પ્રયાસ કરતા 'વ્યાવસાયિક ભિખારીઓ' સુધી મર્યાદિત નથી.

અરવલ્લી વિવાદમાં...

વલણમાં સકારાત્મક પરિવર્તનની અપેક્ષા છે. 20 નવેમ્બરના રોજ થયેલી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયની પેનલની ભલામણો સ્વીકારી હતી કે કઈ ભૂમિ-આકૃતિઓને અરવલ્લી પર્વતોનો ભાગ ગણવી જોઈએ. કોર્ટમાં દાખલ એક સોગંદનામામાં કેન્દ્રએ પ્રસ્તાવ મૂક્યો હતો કે, માત્ર 100 મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી ભૂમિ-આકૃતિઓને તેમના ઢોળાવ અને નજીકના વિસ્તારો સાથે અરવલ્લી તરીકે વર્ગીકૃત કરવી જોઈએ.

મોદીના ફોટા...

@BJP4India ના કાર્યકર નેતાઓના પગ પાસે કેવી રીતે બેસતા હતા અને છેવટે એક રાજ્યના મુખ્યમંત્રી અને દેશના વડા પ્રધાન બન્યા. આ સંગઠનની શક્તિ છે. જય સિયા રામ એમ સિંહે X પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું. કોંગ્રેસ નેતાઓએ CWC પછી પ્રેસ બ્રીફિંગમાં મીડિયાના કોઈ પ્રશ્નોના જવાબ આપ્યા નહીં.હકીકતમાં, મેં પાર્ટી સંગઠનની પ્રશંસા કરી હતી. તમે લોકોએ ગેરસમજ કરી છે. હું ભાજપ અને આરએસએસનો કટ્ટર વિરોધી છું, એમ સિંહે બેઠક પછી પોતાની પોસ્ટ પર સ્પષ્ટતા કરી. બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી, સિંહ હાલમાં રાજ્યસભાના સભ્ય છે જેનો કાર્યકાળ આવતા વર્ષે 21 જૂને સમાપ્ત થવાનો છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ આરોપ લગાવ્યો, એનું કારણ એ છે કે આપણા નરેન્દ્ર મોદી 'ગુડ્ડી કે લાલ' (ગાદલામાંનો હીરા) છે અને તેમના નેતા 'જવાહર કે લાલ' છે. આપણા નરેન્દ્ર મોદી નીચેથી ઉપર પહોંચ્યા છે જ્યારે તેઓ (રાહુલ) પોતાના પક્ષને ઉપરથી તળિયે લઇ જઇ રહ્યા છે.

કોંગ્રેસ 5...

રાજ્ય એકમોનું વિકેન્દ્રીકરણ કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સીડબ્લ્યુસી ની બેઠક દરમિયાન કોંગ્રેસના નેતાઓએ મનરેગાનું દરેક કિંમતે રક્ષણ કરવા અને દેશના કામદારોને ગૌરવ, રોજગાર અને વાજબી સમયે વળતરનો અધિકાર મેળવવા માટે સામૂહિક રીતે સંઘર્ષ કરવા માટે શપથ લીધા હતા. 20 વર્ષ જૂની મનરેગાનું સ્થાન લેનાર વીબી-જી રામ જી બિલ, વિપક્ષના જોરદાર વિરોધ વચ્ચે સંસદના શિયાળુ સત્ર દરમિયાન પસાર થયું હતું.

અમેરિકામાં તહેવારોના...

જેટલી ફ્લાઇટો રદ થઇ હોવાનું જાણવા મળે છે. નેવાર્ક લિબર્ટી ઇન્ટરનેશનલ એ